દાખલ તારીખ – ૧૦/૦૭/૨૦૨૫.
રજીસ્ટરે લીધા તારીખ – ૧૦/૦૭/૨૦૨૫.
નિકાલ થયા તારીખ – ૦૭/૦૩/૨૦૨૬.
સમય – વર્ષ માસ દિવસ –

**નામદાર શ્રી અધિક ચીફ જ્યુડીશ્યલ મેજીસ્ટ્રેટ સાહેબની અદાલતમાં, માંગરોલ.**

ફોજદારી કેસ નં. ૧૯૯૪/૨૦૨૫.
આંક –

નમસ્કાર સુપર સ્ટોર્સના પ્રોપ્રાઇટર રાકેશકુમાર કાંતીલાલ મોદી,
ઉ.આ.વ. પુખ્ત, ધંધો– વેપાર,
રહે. મોસાલી, તા. માંગરોલ, જી. સુરત. **ફરિયાદી.**

**વિરૂધ્ધ**

હેમંતસિંહ બળવંતસિંહ મહીડા.
રહે. મંગળ મુર્તી સોસાયટી, મોટા મંદિર રોડ, તરસાડી, તા.માંગરોળ,
જી.સુરત. **આરોપી.**

**ગુન્હો** –ધી નેગોશીયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટ – ૧૩૮ તથા ૧૪૨ મુજબનો.
**ફરિયાદી તર્ફે વિ.વ.શ્રી.** વાય.એ. લુણાટ.
**આરોપી તર્ફે વિ.વ.શ્રી**. વાય.ડી. વરાછીયા.

**– ઠ રા વ –**

(૧) ફરીયાદીની ફરીયાદની ટુંકમાં હકીકત એવી છે કે, ફરીયાદી ગ્રાહક માલ વેચાણ ધંધો કરે છે અને આ કામના આરોપીએ તા. ૧૨/૦૪/૨૦૨૪ ના રોજ બીલ નં.૪૩૫ મા કપાસીયા ખોળ ૨૮૦ ગુણ રૂ.૫૦૪૫૬૦/– પુરાનો માલ ઉધાર ખરીદેલો અને થોડા સમયમા રૂપિયા ચુકવી આપવા જણાવેલ, જેની વારંવારની ઉઘરાણી કરતા ફરીયાદીને આરોપીએ ધી સુરત ડીસ્ટ્રીક્ટ કો.ઓ.બેક લી.માંગરોલ શાખાના નં.૦૦૦૧૧૯ નો તા.૦૧/૦૫/૨૦૨૫ ના રોજનો રૂ.૪૦૦૦૦૦/– નો ચેક આપેલ,જે ચેકની સ્વીકુતી માટે ફરિયાદીના ખાતા નં.૩૮૨૭૯૦૧૬૪૫૫ વાળા ખાતામા ચેક નાખતા ધી

સુરત ડી.કો.ઓ.બેંક લી.માંગરોલ શાખા દ્વારા તા.૧૪/૦૫/૨૦૨૫ ના રોજ એકાઉન્ટ બ્લોક્ડ સિચ્યુએશન કવર્ડ ઇન ૨૧૨૫ ના શેરા સાથે રીટર્ન મેમો સાથે પરત થયેલ છે. ફરીયાદીએ વધુમાં જણાવેલ છે કે, ઉપરના કારણો સર ચેક બાઉન્સ થતાં ફરીયાદીએ એડવોકેટ મારફતે તા– ૨૯/૦૫/૨૦૨૫ ના રોજ નેગોશીએબલ ઇન્સ્ટ્રુમેન્ટ કાયદાની જોગવાઇ મુજબની નોટીસ રજી.એડી.ની સ્લીપ સામેલ સાથેથી મોકલેલ અને તે નોટીસ તમો આરોપીને પોસ્ટ દ્વારા માલીક બહાર ગામ ચાલ્યા ગયા હોવાથી મોકલનારને શેરા સાથે શીલ પેક પરતના કવર સહિત તા.૦૨/૦૬/૨૦૨૫ ના રોજ પરત કરેલ છે. તેવા સંજોગોમાં ફરીયાદીએ હાલની ફરીયાદ કરેલ છે.

સદર કામે ફરીયાદીનું વેરીફીકેશન લઇ આરોપી સામે ધી નેગોશીયેબલ ઇન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ–૧૩૮ મુજબનાં ગુન્હા સબબ સમન્સ ઇસ્યુ કરેલ.

(૨) આરોપીને સમન્સ બજતા તેઓ કોર્ટ સમક્ષ હાજર થતા તેઓને ફરિયાદ તથા અન્ય દસ્તાવેજોની નકલ વિના મૂલ્યે પુરી પાડવામાં આવેલ. આરોપીની પ્લી નોંધવામાં આવેલ છે, અને આરોપીનું વધારાનું નિવેદન નોંધવામાં આવેલું. જેમાં તેઓએ ગુન્હાની કબુલાતનો ઈન્કાર કરી કેસનો બચાવ કરવાની માંગણી કરેલ છે.

(૩) ફરીયાદપક્ષે નીચે મુજબનો મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવો રજુ કરવામાં આવેલ છે.

**મૌખિક પુરાવો**

| **અનુ. નં.** | **સાહેદનું નામ** | **આંક** |
|---|---|---|
| ૧. | ફરીયાદી નમસ્કાર સુપર સ્ટોર્સના પ્રોપ્રાઇટર રાકેશકુમાર કાંતીલાલ મોદી,ની સોગંદ ઉપરની સરતપાસ. | ૦૪ |

**દસ્તાવેજી પુરાવો.**

| **અનુ. નં.** | **વિગત** | **આંક** |
|---|---|---|
| ૨. | અસલ ચેક. | ૧૨ |
| ૪. | રીટર્ન મેમો. | ૧૩ |
| ૫. | ફરીયાદીના વ.શ્રીએ આરોપીને આપેલ નોટીસ. | ૧૪ |

| | | |
|---|---|---|
| ૬. | રજી. એ.ડી.ની પોષ્ટ ખાતાની રસીદ. | ૧૫ |
| ૭. | આરોપીને આપેલ નોટીસ રીટર્ન થયાનું અસલ કવર. | ૧૬ |
| ૮. | આરોપીને આપેલ માલના બીલની અસલ. | ૧૭ |

(૪) ત્યારબાદ, ફરીયાદીની આરોપી તર્ફે કોઇ ઉલટ તપાસ કરવામાં આવેલ નથી જેથી ફરીયાદી તર્ફે આરોપીનો ઉલટ તપાસનો હકક બંધ કરવા માટે આંક–૧૮ થી પુરશીષ રજુ કરતાં, આરોપીનો ફરીયાદીની ઉલટ તપાસ કરવાનો હકક બંધ કરવાનો હુકમ કરવામાં આવેલ છે. ત્યારબાદ, ફરીયાદી તર્ફે આંક–૧૯ થી પુરાવા બંધનું પુરશીષ રજુ કરતાં ફરીયાદીનો પુરાવો બંધ કરવામાં આવેલ છે.

(૫) ઉપરોકત હકીકતે આ કેસનાં ન્યાયિક નિર્ણય માટે નીચે મુજબનાં મુદ્દા ઉપસ્થિત થાય છે.

(૬) **મુદ્દા** –

(૧) શું ફરીયાદપક્ષ નિઃશંકપણે સાબિત કરે છે કે, આ કામના આરોપીએ ફરીયાદી પાસેથી રૂ.૫,૦૪,૫૬૦/– ની કિંમતનું તા.૧૨/૦૪/૨૦૨૪ ના રોજ બીલ નં. ૪૩૫ થી કપાસીયા ખોળ ૨૮૦ ગુણ ખરીદેલ. જેની ચુકવણી પેટે આરોપીએ ફરીયાદીને ધી સુરત ડીસ્ટ્રીકટ કો.ઓ. બેંક લિ., માંગરોલ શાખાનો ચેક નં. ૦૦૦૧૧૯ થી તા.૦૧/૦૫/૨૦૨૫ ના રોજનો રૂ.૪,૦૦,૦૦૦/– નો આરોપીએ તેમની સહી કરી ફરીયાદીને આપેલ. તે ચેક ફરીયાદીએ તેમની ધી સુરત ડીસ્ટ્રીકટ કો.ઓ. બેંક લિ., માંગરોલ શાખામાં જમા કરાવતા તે ચેક ACCOUNT BLOCKED SITUATION COVERED IN 2125 ના શેરા સાથે પરત ફરતાં ફરીયાદીએ આરોપીને કાયદા મુજબની નોટીસ આપી હાલની ફરીયાદ કરેલ છે ? અને શું ફરીયાદપક્ષ નિઃશંકપણે સાબીત કરે છે કે, લીગલ નોટીસ આરોપીને બજી જવા છતાં આરોપીએ ધી નેગોશીયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ–૧૩૮ મુજબની જોગવાઈ મુજબ ચેકમાં જણાવ્યા મુજબની રકમ આપેલ નથી અને આરોપીએ નેગોશીએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ–૧૩૮ નો ભંગ કરેલ છે?

(૨) શું હુકમ ?

(૭) ઉપરોકત મુદ્દાઓના મારા નિર્ણયો નીચે મુજબ આપવામાં આવે છે.

(૧) હકારમાં.

(૨) આખરી હુકમ મુજબ.

આમ, તમામ રેકર્ડ, રજુઆતો/ફરીયાદીની દલીલો ધ્યાને રાખી ઉપરોકત મુદ્દાઓ અન્વયેના મારા નિર્ણયો માટેના કારણો નીચે મુજબ છે.

**કા ર ણો**

(૮) સદર કેસ બાબતે જે કાંઈ પુરાવો રજુ થયો છે તેની વિગતવાર ચર્ચા કરતા અગાઉ ધી નેગોશીએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટ હેઠળ ફોજદારી જવાબદારી ઉભી કરતા જે પ્રબંધો છે તે ધ્યાને લેવા આવશ્યક છે. સદર કેસમાં જે પ્રબંધો લાગુ પડે છે તે કલમ–૬, ૭, ૮, ૯, ૧૧૮, ૧૩૮ અને ૧૩૯ છે જે નીચે મુજબ છે.

**કલમ:– ૬:– "ચેક " :–**

ચેક એ કોઈ નિર્દિષ્ટ બેન્કરના નામે લખાયેલ વિનિમયપત્ર છે અને તે માં ગણી કર્યેથી ચૂકવણી પાત્ર થાય છે અને માંગણી કર્યા વગર ચૂકવવામાં પાત્ર નથી અને તેમાં મથાળાના (ટન્કેટેડ ચેક ) ચેકની ઈલેક્ટ્રોનિક છાપ અને ઈલેકટ્રોનિક ફોર્મમાં ચેકનો સમાવેશ થાય છે.

**કલમ:– ૭ '' ખત લખનાર '' '' નાણા ચૂકવનાર'' વગેરે:–**

વિનિમયપત્ર અથવા ચેક લખી આપે તે 'ખત લખનાર' કહેવાય, તે ખુતથી નવમાં ચકદાવાનો જેને આદેશ કરવામાં આવ્યો હોય તે 'નાણાં ચૂકવનાર' કહેવાય.

**કલમ:– ૮ '' ધારક"** :–

પ્રોમિસરી નોટ, વિનિમયપત્ર અથવા ચેકનો 'ધારક' એટલે કે વ્યકિત પોતાના નામે તેનો કબજો રાખવા અને તેના ઉપરથી લેણી થતી રકમ મેળવવા અથવા વસૂલ કરવા હકકદાર હોય તે વ્યકિત.

**કલમ:– ૯ " યથાક્રમ ધારક"** :–

યથાકમ ધારક" એટલે જે વ્યક્તિ કોઈ પ્રોમિસરી નોટ, વિનિમયપત્ર અથવા ચેકમાં જણાવેલ રકમ ચૂકવવાને પાત્ર થાય તે પહેલાં અને જેની પાસેથી પોતે હકક પ્રાપ્ત કર્યો હોય તે વ્યક્તિના હકમાં કોઈ ખામી છે એમ માનવાને પોતાને

પૂરતું કારણ હોવા વિના, તે પ્રોમિસરી નોટ, વિનિમયપત્ર કે ચેક લાવનારને ચૂકવવાનો હોય ત્યારે, અવેજ આપીને તે ખતનો કબજો ધરાવનાર થઈ હોય તે વ્યકિત અથવા તે, પ્રોમિસરી નોટ, વિનિમયપત્ર કે ચેક આદેશ મુજબ ચુકવવાનો હોય ત્યારે, તેના નાણાં લેનાર અથવા તેની શેરેદાર થઇ હોય તે વ્યકિત.

**કલમ–૧૧૮ – વટાઉખત વિશે માની લેવાની બાબત–**

એથી વિરૂધ્ધનું સાબિત ન થાય ત્યાં સુધી નીચે પ્રમાણે માની લેવામાં આવશે.

**(ક) અવેજ વિશે :–**

દરેક વટાઉખત અવેજને માટે કરી આપયું અથવા લખી આપ્યુ હતું ને આવું દરેક ખત જયારે તે સ્વીકારવામાં આવ્યું હોય તેના ઉપર શેરો કરી આપવામાં આવ્યો હોય તે વટાવવામાં આવ્યું હોય અથવા તબદિલ કરવામાં આવ્યું હોય તે અવેજને માટે સ્વીકાર્યુ હતુ તેના ઉપર શેરો કરી આપયો હોય તે વટાવ્યું હતું અથવા તબદિલ કર્યુ હતું.

**(ખ) તારીખ વિશે:–**

જેના ઉપર તારીખ હોય તેવું દરેક વટાઉખત તે તારીખે કરી આપ્યું અથવા લખી આપ્યુંહતું.

**(ગ) સ્વીકારના સમય અંગે :–**

સ્વીકારાયેલું દરેક વિનિમયપત્ર તેની તારીખ પછી અને તે પાકયાની તારીખ પહેલાં વ્યાજબી સમયમાં સ્વીકારવામાં આવ્યું હતું.

**(ઘ) તબદીલીના સમય વિશે:–**

કોઈ વટાઉખતની દરેક તબદિલ તે ખત પાકવાની તારીખ પહેલાં થઈ હતી.

**(ચ) શેરાઓના ક્રમ વિશે :–**

કોઈ વટાઉખત ઉપર કરેલા હોવાનું જણાતા શેરા તે ખત ઉપર જે ક્રમમાં કરેલા જણાતા હોય તે ક્રમમાં કરેલા હતા.

**(જ) સ્ટેમ્પ વિશે:–**

ખોવાઈ ગયેલી પ્રોમિસરી નોટ, વિનિમયપત્ર અથવા ચેક ઉપર રીતસર સ્ટેમ્પ લગાડેલો હતો.

**(ગ) ધારક યથાકમ ધારક છે એમ માની લેવા વિશે:–**

કોઈ વટાઉખતનો ધારક યથાકમ ધારક છે પરંતુ જયારે તે ખત તેના કાયદેસરના માલિક પાસેથી અથવા તેનો કાયદેસરનો હવાલો ધરાવતી વ્યકિત પાસેથી કોઈ ગુનો કરીને અથવા કપટથી મેળવવામાં આવ્યું હોય અથવા તે ખત કરી આપનાર અથવા સ્વીકારનાર પાસેથી કોઈ ગુનો કરીને અથવા કપટથી અથવા ગેરકાયદેસર અવેજને બદલ મેળવવામાં આવ્યું હોય ત્યારે તે ખતનો ધારક પોતે યથાક્રમ ધારક છે એમ સાબિત કરવાનો બોજો તેના ઉપર છે.

**કલમ–૮૭:– વટાઉ ખતના મહત્વના ફેરફારોની અસર:–**

વટાઉ ખતમાં મહત્વના ફેરફારો કરવા કરવાથી એવો ફેરફાર કરતી વખતે તે વટાવખતનો પક્ષકારો હોય અને જેણે તેવો ફેરફાર કરવાની સંમતી આપી ન હોય તેવી કોઈપણ વ્યકિત સામે તે વટાવખત રદબાતલ બને છે. સિવાય કે એવો ફેરફાર મુળ પક્ષકારોનો સમાન ઈરાદો બર લાવવા માટે કરવામાં આવ્યો હોય.

**શેરેદારે કરેલો ફેરફાર :–** અને કોઈ શેરેદારે એવો કોઈ ફેરફાર કરેલ હોય તો તેના અવેજ અંગેની તેના પ્રત્યેની તમામ જવાબદારીમાંથી તેની તરફેણમાં શેરો કરનાર મુકત થાય છે. આ કલમની જોગવાઈઓ, કલમ ૨૦,૪૯,૮૬ અને ૧૨૫ ની જોગવાઈઓને આધિન છે.

**કલમ–૧૩૮:– ખાતામાં અપૂરતા ભંડોળ વગેરેને કારણે ચેકનો અસ્વીકાર :–**

સમગ્ર રીતે અથવા અંશત: કોઈપણ દેવું કે અન્ય જવાબદારી અદા કરવા માટે, કોઈ વ્યકિત, પોતે નિભાવતો હોય તેવા ખાતા ઉપરનો ચેક એ ખાતામાંથી બીજી વ્યકિતને નાણાંની ચૂકવણી કરવા માટે બેન્કરને લખે અને એવા ચેકની ચૂકવણી કર્યા વિના બેન્ક એ પરત કરે, કારણ કે એ ખાતામાંની જમા રકમ ચેકના સ્વીકાર માટે અપૂરતી હોય અથવા તો બેન્ક સાથેની સમજૂતીની કરેલી વ્યવસ્થા મુજબ ચેકની રકમ એ રકમ કરતા વધારે હોય ત્યારે, આવી વ્યક્તિએ ગુનો કર્યો ગણાશે અને આ કારણની કોઈ અન્ય જોગવાઈઓને બાધ ન આવે તેમ તેને (બે વર્ષ સુધીની કેદની અથવા ચેકની રકમથી બમણી કિંમતના દંડ સુધીની અથવા તે બંને શિક્ષા) ની જોગવાઈ કરવામાં આવી છે.પરંતુ ઠરાવવામાં આવે છે કે આ કલમનો કોઈપણ મજકૂર લાગુ પડશે નહીં સિવાય કે –

(ક) જે તારીખે, ચેક લખ્યો હોય તે તારીખથી છ મહિનાની મુદ્દત અથવા તેની કાયદેસરની મુદ્દત એ બેમાંથી જે વહેલી આવતી હોય તેટલી મુદ્દતની અં દર બેન્કમાં ચેક રજુ કરવામાં આવ્યો હોય,

(ખ) પ્રસંગ પ્રમાણે ચેક લેનાર અથવા તેના ધારક ચેક ભરપાઈ થયા વિના પરત આવવા સંબંધી બેન્ક પાસેથી તેની માહિતી મળ્યા (૩૦ દિવસની અંદરા ચેક લખનારને લેખિતમાં નોટિસ આપીને નાંણાની સદરહું રકમની ચુકવણી કરવા માટે માંગણી કરી હોય અને

(ગ) તેવી નોટિસ મળ્યાના ૧૫ દિવસની અંદર ચેક લખનાર ચેકના નાણાં લેનાર અથવા જે તે કિસ્સા મુજબ ચેકના ધારકને સદરહું નાણાંની ચુકવણી કરવામાં નિષ્ફળ જાય,

**કલમ–૧૩૯:– ચેકના ધારણ કર્તાની તરફેણમાં અનુમાન:–**

વિરૂધ્ધની હકીકત સાબિત ન થાય ત્યાં સુધી એવું માનવામાં આવશે કે તે ચેક ધારણ કરનારે તે ચેક કલમ–૧૩૮ માં દર્શાવ્યા મુજબ કોઈ દેવાના અથવા અન્ય જવાબદારીના પૂરેપૂરા અથવા તેના કોઈ ભાગ માંથી બોજ મુકત થવાના બદલામાં તે ચેક મેળવ્યો હશે.

(૯) સદરહું કામે પુરાવાની છણાવટ કરતા પહેલાં આ તબકકે આક્ષેપિત મુખ્ય ગુન્હાના કાયદેસરના મુખ્ય તત્વો જાણવા જરૂરી બને છે. સદરહું કામે આરોપી સામે નો આક્ષેપિત ગુન્હો જોઈએ તો તે ધી નેગોશીએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ–૧૩૮ મુજબનો છે. સદરહું કલમના મુખ્ય તત્વો નીચે મુજબ છે.

૧.. વાદવાળો ચેક સમગ્ર રીતે અથવા અંશત: કોઈપણ દેવુ કે અન્ય જવાબદારી અદા કરવા માટે, કોઈ વ્યકિત, પોતે નિભાવતો હોય તેવા ખાતા ઉપરનો ચેક એ ખાતામાંથી બીજી વ્યકિતને નાણાંની ચુકવણી કરવા માટે આપેલ હોય,

૨.. જે તારીખે, ચેક લખ્યો હોય તે તારીખથી છ મહીનાની મુદ્દત અથવા તેવી કાયદેસરની મુદ્દત એ બે માંથી જે વહેલી આવતી હોય તેટલી મુદ્દતની અંદર બેન્કમાં ચેક રજુ કરવામાં આવ્યો હોય,

૩.. પ્રસંગ પ્રમાણે ચેક લેનાર અથવા તેના ધારક ચેક ભરપાઈ થયા વિના પરત આવવા સંબંધી બેન્ક પાસેથી તેની માહિતી મળ્યાના ૩૦ દિવસની અંદર ચેક લખનારને લેખિતમાં નોટીસ આપીને નાણાંની સદરહું રકમ ચુકવણી કરવા માટે માંગણી કરી હોય અને

૪.. તેવી નોટીસ મળ્યાના ૧૫ દિવસની અંદર ચેક લખનાર ચેકના નાણાં લેનાર અથવા તે કિસ્સા મુજબ ચેકના ધારકને સદરહું નાણાંની ચુકવણી કરવામાં નિષ્ફળ જાય.

૫.. ફરીયાદનું કારણ ઉદભવ્યા બાદ એક માસની અંદર ચેક લેનાર

અથવા તેના ધારકે ફરીયાદ કરવી પડે.

(૯.૧) વધુમાં, આ કામે કયા કયા સંજોગોમાં અનુમાનોનું ખંડન કેવી રીતે કરી શકાય તથા તેવા અનુમાનોનું ખંડન કરવાનો બોજો કોના પર છે અને તે કેવી રીતે ખંડન કરી શકાય તે બાબતે નામદાર સર્વોચ્ચ અદાલતના "હીતેન પી. દલાલ વિરૂધ્ધ બ્રતીન્દ્રનાથ બેનરજી" AIR 2001 SC 3897 નો ચુકાદો રીફર કરવો જરૂરી હોઇ તે નીચે મુજબ છે.

"Section 139 provides that "it shall be presumed, unless thecontrary is proved, that the holder of a cheque received the cheque, of the nature referred to in Section 138 for the discharge, in whole or in part, of any debt or other liability." The effect of thesepre sumptions is to place the evidential burden on the accused of proving that the cheque was not received by the complainant towards the discharge of any liability. Because both Sections 138 and 139 require that the Court "shall presume" the liability of the drawer of the cheques for the amounts for which the cheques are drawn, as noted in it is obligatory on the Court to raise this presumption in every case where the factual basis for the raising of the presumption had been established. It introduced an exception to the general rule as to the burden of proof in criminal cases and shifts the onus on to the accused. Such a presumption is a presumption of law, as distinguished from a presumption of fact which describes provisions by which the Court "may presume" a certain state of affairs. Presumptions are rules of evidence and do not conflict with the presumption of innocence, because by the latter all that is meant is that the prosecution is obliged to prove the case against the accused beyond reasonable doubt. The obligation on the prosecution may be discharged with the help of presumptions of law or fact unless the accused adduces evidence showing the reasonable possibility of the non existence of the presumed fact. (Paras 20, 21)

The distinction between the two kinds of presumption lay not only in the mandate to the Court, but also in the nature of the evidence required to rebut the two.In the case of discretionary presumption the presumption if drawn may be rebutted by an explanation which 'might reasonably be true and which is consistent with the innocence" of the accused. On the other hand in the case of a mandatory presumption "the burden resting on the accused person in such a case would not be as light as it is where a presumption is raised under Section 114 of the Evidence Act and cannot be held to be discharged merely

by reason of the fact that the explanation offered by the accused is reasonable and probable. It must further be shown that the explanation is a true one. The words 'unless the contrary is proved' which occur in this provision make it clear that the presumption has to be rebutted by proof and not by a bare explanation which is merely plausible. A fact is said to be proved when its existence is directly established or when upon the material before it the Court finds its existence to be so probable that a reasonable man would act on the supposition that it exist. Unless therefore, the explanation is supported by proof, the presumption created by the provision cannot be said to be rebutted.

આમ, ઉપરોકત ચર્ચા કરેલ ચુકાદા મુજબ એકટની કલમ– ૧૩૯ ના અનુમાનોનું ખંડન કરવાનો બોજો આરોપી ઉપર છે.

આ કામે ઉપસ્થીત થયેલ તમામ મુદ્દાના કારણો શબ્દોનું પુનરાવર્તન ટાળવા માટે સંયુકત રીતે ચર્ચા કરવામાં આવેલ છે.

(૧૦) આ કામે ફરીયાદી ધ્વારા હાલની ફરીયાદ આરોપીએ તા. ૧૨/૦૪/૨૦૨૪ ના રોજ બીલ નં.૪૩૫ મા કપાસીયા ખોળ ૨૮૦ ગુણ રૂ.૫૦૪૫૬૦/– પુરાનો માલ ઉધાર ખરીદેલો અને થોડા સમયમા રૂપિયા ચુકવી આપવા જણાવેલ, જેની વારંવારની ઉધરાણી કરતા હમો ફરીયાદીએ આરોપીએ ધી સુરત ડીસ્ટ્રીક્ટ કો.ઓ.બેક લી.માંગરોલ શાખાના નં.૦૦૦૧૧૯ નો તા.૦૧/૦૫/૨૦૨૫ ના રોજનો રૂ.૪૦૦૦૦૦/– નો ચેક આપેલ,જે ચેકની સ્વીકુતી માટે ફરિયાદીના ખાતા નં.૩૮૨૭૯૦૧૬૪૫૫ વાળા ખાતામા ચેક નાખતા ધી સુરત ડી.કો.ઓ.બેંક લી.માંગરોલ શાખા દ્ધારા તા.૧૪/૦૫/૨૦૨૫ ના રોજ એકાઉન્ટ બ્લોક્ડ સિચ્યુએશન કવર્ડ ઈન ૨૧૨૫ ના શેરા સાથે રીટર્ન મેમો સાથે પરત થયેલ છે. ફરીયાદીએ વધુમાં જણાવેલ છે કે, ઉપરના કારણો સર ચેક બાઉન્સ થતાં ફરીયાદીએ એડવોકેટ મારફતે તા– ૨૯/૦૫/૨૦૨૫ ના રોજ નેગોશીએબલ ઈન્સ્ટ્રુમેન્ટ કાયદાની જોગવાઇ મુજબની નોટીસ રજી.એડી.ની સ્લીપ સામેલ સાથેથી મોકલેલ અને તે નોટીસ તમો આરોપીને પોસ્ટ દ્ધારા માલીક બહાર ગામ ચાલ્યા ગયા હોવાથી મોકલનારને શેરા સાથે શીલ પેક પરતના કવર સહિત તા.૦૨/૦૬/૨૦૨૫ ના રોજ પરત કરેલ છે. તેવા સંજોગોમાં ફરીયાદીએ

હાલની ફરીયાદ કરેલ છે. જે ચેક ફરીયાદી ધ્વારા આ કામે આંક–૧૨ થી રજુ કરવામાં આવેલ છે. આ ચેક ફરીયાદી ધ્વારા તેઓના બેંક એકાઉન્ટમાં જમા કરાવતાં તે ACCOUNT BLOCKED SITUATION COVERED IN 2125 કારણે પરત ફરેલા. જે પરત ફર્યાનો મેમો તેઓ ધ્વારા આંક–૧૩ થી રજુ કરેલ છે અને ત્યારબાદ, ફરીયાદી ધ્વારા આરોપીને આંક–૧૪ વાળી લેણા અંગેની નોટીશ પાઠવવામાં આવેલ છે. જેની પોષ્ટ ખાતાની આર.પી.એ.ડી.ની રસીદ આંક–૧૫ થી રજુ છે, તેમજ સદરહું નોટીશ આરોપીને બજેલ નહી જેથી તે નોટીસનું અસલ કવર આંક–૧૬ રજુ છે, તેમજ ફરીયાદીએ આરોપીને આપેલ માલનું બીલ નં. ૪૩૫ ની અસલ નકલ રજુ કરવામાં આવેલ છે. ત્યારબાદ, આ કામે ફરીયાદી ધ્વારા આંક–૪ થી સોગંદ ઉપરની લેખીત જુબાની રજુ કરવામા આવેલ છે. જેની ઉલટ તપાસ આરોપી તર્ફે કરવામાં આવેલ નથી.

આમ, ફરીયાદી ધ્વારા રજુ કરેલા દસ્તાવેજી અને મૌખિક પુરાવાઓ જોતાં ફરીયાદી ધ્વારા આરોપીએ આપેલા ચેક આંક–૧૨ વાળો અસલ સ્વરૂપે રજુ કરેલ છે. તેમજ તે પરત ફર્યા સબંધે આંક–૧૩ થી બેંક મેમો તેઓ ધ્વારા રજુ કરવામા આવેલ છે. તેમજ ફરીયાદી ધ્વારા આંક–૧૪ થી આપેલ નોટીશની સ્થળપ્રત રજુ કરવામાં આવેલ છે અને તેની આર.પી.એ.ડી.ની સ્લીપ આંક–૧૫ થી રજુ છે, તેમજ સદરહું નોટીસ વગર બજે પરત થયેલાનું અસલ કવર આંક–૧૬ થી રજુ કરવામાં આવેલ છે. તેમજ ફરીયાદીએ આરોપીને આપેલ માલનું અસલ બીલ નં. ૪૩૫ થી રજુ કરેલ છે. આમ, ફરીયાદી ધ્વારા આરોપીએ આપેલ ચેક તેમજ તે પરત ફર્યા સબંધેના પુરાવા અસલ સ્વરૂપે કોર્ટમાં રજુ કરેલ છે અને તે પુરાવાઓને સોગંદ ઉપરના પુરાવાથી સમર્થન કરેલ છે.

હવે અગાઉ ચર્ચા કર્યા મુજબ નેગોશીયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ– ૧૩૯ જોવામાં આવે તો જયારે આરોપીએ ફરીયાદીને તેઓના ખાતાનો ચેક આપેલ હોય ત્યારે વિરૂઘ્ધનું પુરવાર ન થાય ત્યાં સુધી આ ચેક તેઓના કાયદેસરના દેવા અને જવાબદારી પેટે ફરીયાદીને આપેલ હશે તેવું અનુમાન કરવાનું છે. ત્યારે આરોપી ધ્વારા ફરીયાદપક્ષ ધ્વારા રજુ કરેલ પુરાવા ઉપરથી ફરીયાદવાળો ચેક

તેઓએ ફરીયાદીને તેઓના કાયદેસરના લેણાં કે જવાબદારી પેટે આપેલ ન હતું, તેવું પુરવાર કરી શકેલ નથી. તેમજ આરોપી ધ્વારા ફરીયાદીની હાલના કામે કોઈ ઉલટ તપાસ કરવામાં આવેલ નથી. આમ, ફરીયાદી ધ્વારા રજુ કરેલ પુરાવા ઉપરથી તેઓએ આરોપીને કપાસીયા ખોળ ૨૮૦ ગુણ રૂ.૫૦૪૫૬૦/- ઉધાર આપેલાનું પુરવાર થાય છે અને તેના નાણાં આરોપી ધ્વારા પરત કરેલ નથી, તે પણ ફરીયાદી પુરવાર કરે છે. ત્યારે ફરીયાદી ધ્વારા રજુ કરેલા પુરાવાઓને આરોપીપક્ષ તર્ફે પડકારવામાં આવેલ નથી. જેથી, ફરીયાદપક્ષ ધ્વારા રજુ કરેલ આંક-૧૨ વાળા ચેક ઉપરથી સાબીત થાય છે અને આરોપી પક્ષે આ ચેક તેઓના નથી તેવો પણ બચાવ લેવામાં આવેલ નથી, ત્યારે આરોપી ધ્વારા ફરીયાદી મંડળીને ચેક આપી અને તેઓનુ ખાતું ACCOUNT BLOCKED SITUATION COVERED IN 2125 હોવાછતા ફરીયાદીને હાલનો ચેક આપેલો અને તે ચેક પરત ફર્યાની જાણ થવા છતાં ચેકના નાણાં ફરીયાદીને ન ચુકવીને ધી નેગોશીયેલ ઈન્સ્ટુમેન્ટ એકટની કલમ- ૧૩૮ મુજબ ગુનો કરેલ હોવાનું ફરીયાદી રજુ કરેલ પુરાવાથી પુરવાર કરેલ છે.

આ કામે વિવાદીત ચેક આરોપી ધ્વારા આપવામાં આવેલ હતો તે હકીકતે રેકર્ડ પર આવેલ છે. તેવા સંજોગોમાં મારા નિર્ણય માટેના મુદા નં. ૧ નો જવાબ હકારમાં ઠરાવું છું અને આરોપી ધી નેગોશીયેબલ ઈન્સ્ટુમેન્ટ એકટની કલમ:૧૩૮ ના ગુન્હા સબબ તકસીરવાર ઠરાવવામાં આવે છે અને સબબ કામ આરોપીને સજા અંગે સાંભળવા પર મુલત્વી રાખવામાં આવે છે.

હુકમ આજરોજ તા. ૦૭ મી માહે માર્ચ, સને-૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી જાહેર કર્યો.

તા.: ૦૭/૦૩/૨૦૨૬.
માંગરોલ-સુરત

**(જે.એસ.પરમાર)**
એડી.ચીફ જયુડીશ્યલ મેજીસ્ટ્રેટ
માંગરોલ-સુરત
**Judge Code : GJ01155**

આ કામે આરોપી ધ્વારા કોર્ટમાં હાજર થઈ ફરીયાદીની કોઈ ઉલટ તપાસ કરવામાં આવેલ નથી આથી તેઓના તમામ હકકો બંધ કરવામાં આવેલ છે અને ઈરાદાપુર્વક હાલના કામે હાજર રહેલ ન હોય, તેઓને સજા અંગે સાંભળવામાં આવેલ નથી.

ઉપરોકત દલીલો ધ્યાનમાં લીધી.આ કામે નેગોશીયેબલ ઈસ્ટુમેન્ટ એકટમાં પીનલ પ્રોવીઝન કરવા સારૂનો વિધાન મંડળનો હેતુ આર્થિક ગુન્હાઓને અટકાવવા સારૂનો અને હાલના સમાજમાં પણ ચેક રીટર્નના કેસો ઘણાં જ થાય છે અને વેપારીવર્ગને પણ ગ્રાહકોએ આપેલ ચેક રીટર્ન થવાના કારણે આર્થિક નુકશાન થાય છે અને નેગોશીયેબલ ઈન્સ્ટુમેન્ટ એકટમાં નામદાર સુપ્રિમ કોર્ટે ઘણાં ચુકાદામાં એવુ ઠરાવેલ છે કે,આર્થિક પ્રકારના ગુન્હાઓમાં આરોપીને પ્રોબેશન ઓફ ઓફેન્ડર્સ એકટનો લાભ આપી શકાય નહી તેથી હાલના આરોપીને પ્રોબેશન ઓફ ઓફેન્ડર્સ એકટનો લાભ આપવામાં આવતો નથી. આ કામે ફરિયાદીને પણ ચેકમાં જણાવેલ રકમ પરત મળેલ ન હોય તેના કારણે ફરિયાદીને પણ નુકશાન થયેલ છે તે હકીકત સજા વખતે ધ્યાને લેવી જરૂરી છે તેથી ફરિયાદીને પણ સી.આર.પી.સી.કલમ:૩૫૭(૩) મુજબ વળતર આપવુ ન્યાયોચિત જણાય છે.તેથી આખરી હુકમ નીચે મુજબ કરવામાં આવે છે.

**-:: હુ ક મ ::-**

(૧) આ કામના આરોપી હેમંતસિંહ બળવંતસિંહ મહીડા, રહે. મંગળ મુર્તી સોસાયટી, મોટા મંદિર રોડ, તરસાડી, તા.માંગરોળ, જી.સુરતનાને ધી નેગોશીએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ-૧૩૮ મુજબના ગુના અંગે ફોજદારી કાર્યરિતી અધિનિયમની કલમ-૨૫૫(૨) અન્વયે તકસીરવાર ઠરાવી એક(૧) વર્ષની સાદી કેદની સજા કરવાનો હુકમ કરવામાં આવે છે તથા ધી નેગોશીએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ- ૧૩૮ પ્રમાણે ચેકની એટલે કે રૂા. ૪,૦૦,૦૦૦/-(અંકે રૂપીયા ચાર લાખ પુરા) ની રકમ વળતર પેટે ચૂકવવાનો હુકમ કરવામાં આવે છે.

(૨) સદરહુ રકમ માંથી ક્રિ.પ્રો.કોડની કલમ ૩૫૭(૩) પ્રમાણે ફરીયાદીના રૂા. ૪,૦૦,૦૦૦/–(અંકે રૂપીયા ચાર લાખ પુરા) દિન–૬૦ માં ચૂકવવાનો હુકમ કરવામાં આવે છે અને જો તેમ કરવામાં કસુર કરે તો દિન–૩૦ ની સાદી કેદની સજા કરવાનો હુકમ કરવામાં આવે છે.

(૩) આરોપીને સી.આર.પી.સી.કલમ:૩૬૩(૧) મુજબ વિના મુલ્યે સદર ચૂકાદાની સર્ટીફાઈડ એક નકલ આપવી.

આ હુકમ આજરોજ તા. ૦૭ મી, માહે માર્ચ, સને ૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

તા.૦૭/૦૩/૨૦૨૬.
માંગરોલ – સુરત.

(જે.એસ. પરમાર)
એડી. ચીફ જ્યુડીશ્યલ મેજીસ્ટ્રેટ,
માંગરોલ, જી.સુરત.
**Judge Code : GJ01155**